




# મ્યુઝિક ક્વીન ટેલર સ્વિફ્ટ હવે 'જસ્ટ મેરિડ'

**ન્યૂયોર્કના** મેડિસન સ્ક્વેર ગાર્ડન પર ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસ કેલ્સનો ભવ્ય લગ્ન સમારંભ યોજાયો

**પૂર્વીય** અમેરિકામાં ચાલી રહેલા સખત ગરમીના મોજા વચ્ચે યોજાયેલા સમારંભમાં અનેક સેલિબ્રિટીઓની હાજરી

ન્યૂયોર્ક, તા. 4(AP): ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસ કેલ્સ શુક્રવારે રાત્રે મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે લગ્નના બંધનમાં બંધાયા હતા, જ્યાં અભિનેતા આદમ સેન્ડલરે એક સેલિબ્રિટીઝથી ભરેલા સમારોહમાં આશ્ચર્યજનક રીતે લગ્નવિધિ કરાવી હતી.

લગ્ન સંપન્ન થતાં જ મિડટાઉન મેનહટન એરેનાની બહાર આવેલા માર્કી પર "JUST|T MARRIED" લખવામાં આવ્યું હતું. સ્વિફ્ટના પબ્લિસિસ્ટ ટ્રી પેઈને એક ઈમેલમાં જણાવ્યું હતું કે, આ કપલે બ્રાઈડ્સમેડ્સ કે ગ્રૂમ્સમેન રાખ્યા નહોતા, તેના બદલે સ્વિફ્ટના ભાઈએ 'મેન ઓફ ઓનર' તરીકે અને કેલ્સના ભાઈ જેસને 'બેસ્ટ મેન' તરીકેની ભૂમિકા ભજવવાનું પસંદ કર્યું હતું. વર-વધૂના આઉટફિટ્સ ક્રિશ્ચિયન ડાયો હોટ કુતુર અને તેના ડિઝાઈનર જોનાથન એન્ડરસન દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યા હતા, જ્યારે જૂતાં ક્રિશ્ચિયન લુબુટિન દ્વારા ખાસ ઓર્ડર પર તૈયાર કરવામાં આવ્યા હતા.

સ્વિફ્ટે કાર્ટિયરની જ્વેલરી પહેરી હતી. આ સુપરસ્ટાર ગાયિકા અને ફૂટબોલ ખેલાડી વચ્ચેના લગ્ન એવા સમયે યોજાયા હતા જ્યારે પ્રશંસકો અને દર્શકો અસહ્ય ગરમીમાં પણ MSGની બહાર એકઠા થયા હતા, જેઓ આ પ્રસંગનો હિસ્સો બનવા આતુર હતા, ભલે આ સમગ્ર ઈવેન્ટ સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવી હતી.

### ટેલર સ્વિફ્ટ અને ટ્રેવિસ કેલ્સે મહેમાનોને હીરાજડીત ભેટ આપી

ન્યૂયોર્ક, તા. ૪: ગાયિકા ટેલર સ્વિફ્ટ અને ફૂટબોલર ટ્રેવિસ કેલ્સના લગ્ન સમારંભ પહેલા ગુરુવારે, આ કપલે એક રિહર્સલ ડિનરનું આયોજન કર્યું હતું જેમાં સેલેના ગોમેઝ, ગીગી હદીદ, બ્રેડલી કૂપર, જેક એન્ટોનોફ અને લેના ડનહામ સહિત અન્ય લોકોએ હાજરી આપી હતી. અહેવાલો અનુસાર, આ નવપરિણીત યુગલે તેમના મિત્રો અને પરિવારજનોને કિંમતી રત્નો જડેલી યાદગાર ભેટો આપીને માન આપ્યું હતું.

# સરકારે ટેલિગ્રામને પાયરેટેડ સામગ્રી દૂર કરવા જણાવ્યું

**આ** મેસેજિંગ એપ પર ફરતી પાઈરેટેડ ફિલ્મો, OTT કન્ટેન્ટ અને અન્ય ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રી જાતે જ શોધીને દૂર કરવા જણાવ્યું

**આ** કામગીરી અંગે ૧૫ દિવસમાં 'એક્શન ટેકન રિપોર્ટ' રજૂ કરવા આદેશ

નવી દિલ્હી, તા. ૪(PTI): કેન્દ્ર સરકારે લોકપ્રિય મેસેજિંગ એપ ટેલિગ્રામને નોટિસ પાઠવીને તેના પ્લેટફોર્મ પર પાઈરેટેડ ફિલ્મો, OTT કન્ટેન્ટ અને અન્ય ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રીના "વ્યાપક પ્રસાર" પર કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે, તેમ સરકારી અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે તેની નોટિસમાં ટેલિગ્રામ પાસે ૧૫ દિવસની અંદર 'એક્શન ટેકન રિપોર્ટ'(કરેલી કાર્યવાહીનો અહેવાલ) માંગ્યો છે. અધિકારીઓએ રેખાંકિત કર્યું છે કે સરકારનો આ અભિગમ પાઈરેટેડ કન્ટેન્ટને ટુકડે-ટુકડે હટાવવાને બદલે પ્લેટફોર્મની જવાબદારી નક્કી કરવા તરફનો મોટો બદલાવ દર્શાવે છે. મંત્રાલયે ટેલિગ્રામને જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે કે કોપીરાઈટનું ઉલ્લંઘન એ માત્ર દીવાની ઉલ્લંઘન નથી, પરંતુ કોપીરાઈટ એક્ટ, ૧૯૫૭ અને સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ હેઠળ ફોજદારી ગુનો પણ છે. ઉલ્લેખનીય છે કે, NEETની પુનઃપરીક્ષા દરમિયાન પેપર લીક થતું અટકાવવા માટે સાવચેતીના પગલારૂપે જૂન મહિનામાં ટેલિગ્રામ પર ભારતમાં અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ટેલિગ્રામ માત્ર સરકાર દ્વારા એક પછી એક પાઈરેસી ચેનલોની ઓળખ કરવાની રાહ જોઈ શકે નહીં. IT એક્ટ, ૨૦૦૦ અને IT નિયમો, ૨૦૨૧ હેઠળ પ્લેટફોર્મ માટે જરૂરી યોગ્ય તત્પરતા દર્શાવવા માટે માત્ર પ્રતિક્રિયાત્મક અને ચેનલ-બાય-ચેનલ કન્ટેન્ટ હટાવવાનો અભિગમ પૂરતો ન હોઈ શકે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ટેલિગ્રામને આપવામાં આવેલી આ નોટિસ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં મેટા સામે લેવામાં આવેલા નિયામક પગલાં બાદ આવી છે.

# સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી

**19** બેઠકો ધરાવતા ૨૫ દિવસના સત્રમાં લોકસભા બેઠકો વધારવાનું નવું બિલ લાવશે સરકાર

નવી દિલ્હી, તા. ૪ (PTI) તાજેતરની વિધાનસભા ચૂંટણીઓ પછી નાટકીય રીતે બદલાયેલા રાજકીય સમીકરણો વચ્ચે સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી યોજાશે. ૧૯ બેઠકો ધરાવતું આ ૨૫ દિવસનું સત્ર એવા સમયે આવી રહ્યું છે જ્યારે વિપક્ષી છાવણીમાં તિરાડો વધુ પહોળી થતી દેખાઈ રહી છે, જેમાં મુશ્કેલીમાં મુકાયેલી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને શિવસેના (યુબીટી) બળવાનો સામનો કરી રહી છે અને કોંગ્રેસે તમિલનાડુમાં સરકાર બનાવવા માટે ડીએમકે સાથેનો છેડો ફાડીને ટીવીકે સાથે હાથ મિલાવ્યા છે. પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીતે શાસક રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ને નવી તાકાત આપી છે. કારણ કે, ગત સત્ર નિરાશામાં સમાપ્ત થયું હતું જ્યારે ૨૦૨૯માં ધારાસભાઓમાં મહિલાઓ માટે અનામત લાગુ કરવા અને લોકસભામાં બેઠકોની સંખ્યા વધારવા માટેનું બંધારણ સુધારો વિધેયક નીચલા ગૃહમાં પરાજિત થયું હતું.

## પેજ3

### આમિર ખાન-ગૌરી સ્પ્રેટ લગ્નઃ દુલ્હનની જેમ શણગારાયું ઘર



મુંબઈ, તા. ૪ આમિર ખાન અને ગૌરી સ્પ્રેટના લગ્નનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, રવિવાર, ૫ જુલાઈના રોજ યોજાનારા અંગત સમારોહ પહેલાં અભિનેતાનું મુંબઈ સ્થિત નિવાસસ્થાન હવે સુંદર રીતે શણગારવામાં આવ્યું છે. આ ખાનગી સેલિબ્રેશન, જેમાં પરિવારના નજીકના સભ્યો અને મિત્રોનું એક પસંદગીનું જૂથ હાજર રહેશે, તેની તૈયારીઓએ જોર પકડ્યું હોવાથી ફૂલોની સજાવટ અને ભવ્ય ડેકોરેશન કરવામાં આવ્યું છે.આમિર ખાન અને ગૌરી સ્પ્રેટના લગ્નની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, જેમાં અભિનેતાના મુંબઈ સ્થિત નિવાસસ્થાનની બહારના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે.

### ચંદ્રચૂર સિંહના ઘરની બહાર બનેલા રેમ્પ પર બુલડોઝર ચાલ્યું



ગુરુગ્રામ, તા. 4 અભિનેતા ચંદ્રચૂર સિંહના ગુરુગ્રામ સ્થિત નિવાસસ્થાને શુક્રવારે દબાણ વિરોધી ઝુંબેશની અસર જોવા મળી હતી, જ્યારે ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ વિભાગ (ડીટીસીપી)ના અધિકારીઓએ ડીએલએફ વિસ્તારમાં આવેલા તેમના ઘરની બહાર બનેલા એક બાંધકામને તોડી પાડ્યું હતું. આ ઘટનાસ્થળે અભિનેતા શાંતિપૂર્વક અધિકારીઓને સવાલ પૂછતા હોય તેવો એક વીડિયો ત્યારથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ કાર્યવાહી વિભાગ દ્વારા ડીએલએફ ફેઝ 1થી 5 માં ચલાવવામાં આવી રહેલી એક મોટી અમલીકરણ ઝુંબેશનો ભાગ હતી, જેમાં મંજૂર કરાયેલા બિલ્ડિંગ પ્લાનથી અલગ હોય તેવા બાંધકામો, વધારાના બાંધકામ અને વ્યાવસાયિક ઉપયોગમાં લેવાતી રહેણાક મિલકતોને નિશાન બનાવવામાં આવી રહી છે.

### મોદીના હમશકલને ઈશા સમજી બેઠી અસલી મોદી



મુંબઈ, તા. 4 :એક્ટ્રેસ અને બિગ બોસ ફેમ ઈશા માલવીયાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. વીડિયોમાં તે એક ક્ષણ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હમશકલને પીએમ મોદી સમજી બેઠી હતી. જેના પછી ત્યાં હાજર પેપરાઝી અને બીજા લોકો હસવા લાગ્યા હતા. હકીકતમાં ઈશા બ્રાઈટ એન્ટરટેઇનમેન્ટ એવોર્ડ્સ 2026ના રેડ કાર્પેટ પર પહોંચી હતી. આ દરમિયાન તેની મુલાકાત પીએમ મોદીના હમશકલ સાથે થઈ. તેમને જોતાં જ ઈશા ચોંકી ગઈ અને સ્મિત સાથે કહ્યું, "ઓહ, મોદી જી!" જોકે, બાદમાં તેને અહેસાસ થયો કે તેઓ પીએમ મોદીના હમશકલ છે. આ પછી તેણે હમશકલ સાથે હાથ મિલાવ્યા અને કેમેરા તરફ જોઈને કહ્યું, "ગાઈઝ, આપણી સાથે મોદીજી છે."

# બલૂચિસ્તાનમાં મોટો આત્મઘાતી હુમલો

**BLAનો** ૩૦થી વધુ જવાનો માર્યા ગયાનો દાવો

ઈસ્લામાબાદ, તા. 4: બલૂચિસ્તાનના ગ્વાદરમાં પાકિસ્તાન કોસ્ટ ગાર્ડ્સના કેમ્પ પર થયેલા આત્મઘાતી હુમલાની જવાબદારી પ્રતિબંધિત બલોચ લિબરેશન આર્મી (બીએલએ)એ લીધી છે. સંગઠનનો દાવો છે કે, આ હુમલામાં 30થી વધુ પેરામિલિટ્રી જવાનો માર્યા ગયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે.

બીએલએએ નિવેદન બહાર પાડીને જણાવ્યું કે, વિસ્ફોટકોથી ભરેલા એક વાહને જીવાનીમાં પનવાન કોસ્ટ ગાર્ડ બેઝને નિશાન બનાવ્યું હતું. સંગઠને આ હુમલાને એક સુઆયોજિત ઓપરેશન હેઠળ કરવામાં આવેલો 'આત્મઘાતી વાહન-જનિત ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ' (એસવીબીઆઈઈડી) હુમલો ગણાવ્યો છે.'ધ બલૂચિસ્તાન પોસ્ટ'ના અહેવાલ મુજબ, બીએલએના પ્રવક્તા જીયાંદ બલોચે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, "આ પ્રચંડ વિસ્ફોટના કારણે કોસ્ટ ગાર્ડનો મજબૂત કેમ્પ સંપૂર્ણપણે કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગયો હતો."

હુમલાની જવાબદારી લેતા જૂથે દાવો કર્યો છે કે પાકિસ્તાની અર્ધલશ્કરી દળોના (પેરામિલિટ્રી) 30થી વધુ સભ્યો માર્યા ગયા છે, જ્યારે અન્ય ડઝન જેટલા જવાનો ગંભીર રીતે ઘાયલ થયા છે.

# રામ મંદિર બાદ હવે બદરીનાથમાં પણ દાન ચોરીના આક્ષેપો

**સોશિયલ** મીડિયા પરના દાવા બાદ સીસીટીવી ફૂટેજ ચકાસાયા; પ્રમુખ હેમંત દ્વિવેદીએ કહ્યું- "દોષિતો સામે લેવાશે કડક પગલાં."

દેહરાદૂનઃ તા. ૪. અયોધ્યામાં રામ મંદિરના દાનમાં ગેરરીતિના આક્ષેપો વચ્ચે બદરીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (બીકેટીસી)એ શુક્રવારે બદરીનાથ ધામમાં ચઢાવા સંબંધિત આવા જ આક્ષેપો અંગે તપાસના આદેશ આપ્યા છે. બીકેટીસીના પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે, મંદિર સમિતિએ સોશિયલ મીડિયા પર ચાલી રહેલા આક્ષેપોને ગંભીરતાથી લીધા છે અને આ બાબતની તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે. સંબંધિત કર્મચારીઓ પાસેથી પણ ખુલાસો માંગવામાં આવ્યો છે. શુક્રવારે 'ભૈરવ સેના' નામના સંગઠને બદરીનાથ ધામમાં નાણાકીય ગેરરીતિઓ હોવાનો આક્ષેપ કર્યો હતો. તેણે મંદિર સમિતિના અધ્યક્ષના પર્સનલ આસિસ્ટન્ટ સાથે જોડાયેલા કથિત નાણાકીય ગેરરીતિના કેસમાં નિષ્પક્ષ તપાસની માંગ પણ કરી હતી. જોકે, દ્વિવેદીએ સોશિયલ મીડિયા પરના એ દાવાઓનું ખંડન કર્યું હતું જેમાં એક ચોક્કસ કર્મચારીને તેમના 'પર્સનલ સેક્રેટરી' તરીકે દર્શાવવામાં આવ્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી હતી કે તે વ્યક્તિ તેમના પર્સનલ સેક્રેટરી નથી, પરંતુ બીકેટીસીના નિયમિત સરકારી કર્મચારી છે અને તેઓ અગાઉ મંદિર સમિતિના ત્રણ ભૂતપૂર્વ અધ્યક્ષો સાથે પર્સનલ આસિસ્ટન્ટ તરીકે કામ કરી ચૂક્યા છે. દ્વિવેદીએ ખાતરી આપી હતી કે, તપાસ પૂર્ણ થયા બાદ જો કોઈ કર્મચારી દોષિત જણાશે તો તેમની સામે નિયમો મુજબ કડક અને અસરકારક પગલાં લેવામાં આવશે. દરમિયાન શ્રી બદરીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) સોહન સિંહ રંગડે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર થયેલા આક્ષેપો બાદ બદરીનાથ મંદિર પરિસરના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી હતી.

રંગડે જણાવ્યું હતું કે, "ઉપલબ્ધ ફૂટેજમાં જોઈતી સ્પષ્ટતા નથી. જોકે, આ મુદ્દાની ગંભીરતા અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને બીકેટીસી અધ્યક્ષને સમગ્ર બાબતથી વાકેફ કરવામાં આવ્યા છે."

સીઈઓએ ઉમેર્યું હતું કે, અધ્યક્ષની સૂચનાઓનું પાલન કરીને સંબંધિત કર્મચારીઓ પાસેથી ખુલાસો માંગવામાં આવી રહ્યો છે.

# રામ મંદિરમાં વધુ એક મોટો વિવાદઃ 5 કરોડની સોનાથી મઢેલી 'રામચરિતમાનસ' ગાયબ

**ભૂતપૂર્વ** કેન્દ્રીય ગૃહસચિવ એસ. લક્ષ્મીનારાયણે આ રામચરિતમાનસ પુસ્તક ભેટ આપ્યું હતું

નવી દિલ્હી, અયોધ્યા, તા. ૪: અયોધ્યાના રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મામલામાં વધુ એક સનસનાટીભર્યો દાવો સામે આવ્યો છે. ભારત સરકારના ભૂતપૂર્વ ગૃહ સચિવ એસ. લક્ષ્મીનારાયણે આક્ષેપ કર્યો છે કે તેમણે એપ્રિલ 2024માં મંદિરમાં સોનાથી મઢેલી એક વિશેષ રામચરિતમાનસ ભેટ આપી હતી, જે હવે ગાયબ છે.

એસ. લક્ષ્મીનારાયણનું કહેવું છે કે તેમણે 8 એપ્રિલ 2024ના રોજ અંદાજે 125 કિલોગ્રામ વજનની રામચરિતમાનસ ટ્રસ્ટને ભેટ આપી હતી. તેમના જણાવ્યા અનુસાર, તેના 1000 પાના પર 24 કેરેટ સોનાનો ઢોળ ચઢાવેલો હતો અને તેની અંદાજિત કિંમત આશરે 5 કરોડ રૂપિયા હતી. ભૂતપૂર્વ ગૃહ સચિવે આક્ષેપ કર્યો છે કે આ પુસ્તક ભેટ આપ્યા બાદ તેમને તેની કોઈ રસીદ આપવામાં આવી ન હતી. જ્યારે તેમણે થોડા મહિનાઓ પછી આ અંગે પૂછપરછ કરી, ત્યારે તે મંદિર પરિસરમાં મળી ન હતી. તેમણે આ સંદર્ભે મંદિરના ટ્રસ્ટી ચંપત રાય, નૃપેન્દ્ર મિશ્રા અને ગોપાલ રાવનો પણ સંપર્ક કર્યો હતો, પરંતુ તેમને કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. ચંપતરાયે તેમને એમ કહ્યું હોવાનું કહેવાય છે કે હું કશું કરી શકું નહીં. લક્ષ્મીનારાયણે ઘણા દાન કાર્યો કર્યા છે અને તેમણે જીવનભરની બચતનો મોટો ભાગ ખર્ચીને આ સોનાજડીત રામાયણ ભેટ આપી હતી એક કહેવાય છે.

# ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલાં પીએમ મોદીને ધમકી

**'મેલબોર્ન** મીટ્સ મોદી' પ્રોગ્રામની ફેસબુક પોસ્ટમાં કોમેન્ટ કરી ધમકી આપી, ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસે તપાસ શરૂ કરી

કેનબરા, તા. 4. પીએમ મોદીને ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ઓસ્ટ્રેલિયાની ફેડરલ પોલીસ મોદીને આપવામાં આવેલી ધમકીની તપાસ કરી રહી છે. 'ધ ઓસ્ટ્રેલિયા ટુડે'ના શનિવારના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ધમકી ફેસબુક પર 'મેલબોર્ન મીટ્સ મોદી' કાર્યક્રમના પ્રચાર સાથે જોડાયેલી એક પોસ્ટની નીચે લખવામાં આવી હતી.

અહેવાલ મુજબ, પોસ્ટની નીચે અબુ મુસ્તફા નામના ફેસબુક એકાઉન્ટ પરથી લખવામાં આવ્યું હતું કે, ''કાર્યક્રમ દરમિયાન સ્ટેડિયમની છત બંધ રહેવી જોઈએ, નહીં તો તે ઓસ્ટ્રેલિયા પોતાના મોત માટે આવશે.''

ઓસ્ટ્રેલિયાના મીડિયા અહેવાલો અનુસાર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગામી 9 જુલાઈના રોજ નિર્ધારિત મેલબોર્ન મુલાકાતના ગણતરીના દિવસો પહેલાં જ તેમને ઓનલાઈન ધમકી આપવામાં આવી છે. અહેવાલોમાં જણાવાયું છે કે, તપાસકર્તાઓએ આ સોશિયલ મીડિયા પોસ્ટ સાથે જોડાયેલું એક આઈપી એડ્રેસ શોધી કાઢ્યું છે.

'ધ ઓસ્ટ્રેલિયા ટુડે'એ અહેવાલ આપ્યો છે કે જે દિવસે આ કોમેન્ટ ઓનલાઈન જોવા મળી હતી, તે જ દિવસે આ મામલો ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

તપાસથી પરિચિત સ્ત્રોતોને ટાંકીને પબ્લિકેશને જણાવ્યું હતું કે, અધિકારીઓએ આ પોસ્ટ સાથે સંકળાયેલા આઈપી એડ્રેસની ઓળખ કરી લીધી છે અને તેઓ આ સંદેશાની આસપાસની પરિસ્થિતિઓની તપાસ કરી રહ્યા છે. સત્તાવાળાઓ એ બાબતનું પણ મૂલ્યાંકન કરી રહ્યા છે કે કોઈ ફોજદારી ગુનો આચરવામાં આવ્યો છે કે કેમ.

# પેટ્રોલમાં ઈથેનોલ બ્લેન્ડિંગનો વિવાદ હવે રસ્તા પર

**જંતરમંતર** ખાતે વિરોધ પ્રદર્શન યોજવાની તેહસીન પૂનાવાલાની જાહેરાત, જો મંજૂરી નહીં મળે તો ગડકરીના ઘરની બહાર ધરણા કરશે



નવી દિલ્હી, તા. ૪: ભારતમાં ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ અંગેનો વિવાદ હવે સોશિયલ મીડિયા પરથી હટીને પહેલીવાર રસ્તા પર આવવા જઈ રહ્યો છે. ઉદ્યોગ સાહસિક અને ટેલિવિઝન હસ્તી તેહસીન પુનાવાલાએ રવિવારે બપોરે ૨ વાગ્યે દિલ્હીના જંતર-મંતર ખાતે કેન્દ્ર સરકારની E20 ઈંધણ નીતિ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. પુનાવાલાએ ચેતવણી આપી છે કે જો જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી નહીં મળે, તો કેટલાક પ્રદર્શનકારીઓ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના નિવાસસ્થાનની બહાર ધરણા પર બેસી શકે છે, જેઓ આ ઈથેનોલ-બ્લેન્ડિંગ અભિયાનમાં સૌથી આગળ રહ્યા છે. ઈથેનોલ કૌભાંડ વિરુદ્ધ ટીમ ભારતના બેનર હેઠળ આયોજિત આ વિરોધ પ્રદર્શનને આયોજકો દ્વારા ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાની નીતિના ઉતાવળિયા અમલીકરણ સામેનું પ્રથમ મોટું જાહેર પ્રદર્શન ગણાવવામાં આવી રહ્યું છે. E20 પેટ્રોલનો વિરોધ અત્યાર સુધી મોટે ભાગે સોશિયલ મીડિયા, ઓટોમોબાઈલ ફોરમ અને ગ્રાહક જૂથો પૂરતો જ સીમિત હતો, પરંતુ આયોજકોનો દાવો છે કે માઈલેજમાં ઘટાડો અને વાહનોમાં થતી કથિત નુકસાનીના કારણે લોકોમાં વધી રહેલા આક્રોશે હવે આ મુદ્દાને રસ્તા પર લાવી દીધો છે.


ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**Civil Construction**
Company માટે અનુભવી Supervisor, Engg, Site Supervisor જોઈએ છે. Mob-98241-33338 Email-bein301@gmail.com

**અડાજણ, વરાછા**
કતારગામ, વેડરોડ ડોર ટુ ડોર પાન મુખવાસ વેચવા માટે ભાઈઓ બહેનોની જરૂર છે. મળો. 9825500993

**વેસુમાં**
બેટરીના કામ માટે કારીગર જોઈએ છે (આકર્ષક પગાર) 9723020077 (195)

**ડિલીવરી બોય**
તાત્કાલિક જોઈએ છે. વલસાડ માટે ટુ- વ્હીલર હોવુ જરૂરી આકર્ષક પગાર + કમિશન સંપર્કઃ કલ્પેશભાઈ (ફક્ત વલસાડ માટે) 9586404092

**દુકાન અને ગોડાઉન**
માટે ઉત્સાહી છોકરા અને છોકરી જોઈએ છે. પાર્ટ- ફુલ ટાઈમ. પગારઃ- 10,000/- થી 15000/-. નોંધઃ- ફોન કરવાનો સમયઃ- 11 થી 7. શોભન ઈલેક્ટ્રીકલ્સ. અડાજણ, સુરત. MO:- 9904064499.

**જોઈએ છે છોકરી**
સોસીયલ મીડીયા, ફોટોગ્રાફી, વ્હોટસએપ માર્કેટીંગ માટે, મો. ૯૦૨૨૨૨૨૨૯૮

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ક્ષેત્રપાળ ટુર્સ.**
(ચોક્કસ ઉપડશે સ્લીપર બસ દ્વારા) (પાંચ જ્યોર્તિલિંગ, અષ્ટવિનાયક. 04-08, 05-09, 27-09) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 15-08, 29-08)(કોલ્હાપુર, મહાલક્ષ્મી, ગોવા, ગણપતિપુલે, મહાબળેશ્વર. 27-09) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ 15-08)(ફક્ત હૈદરાબાદ, શ્રીશૈલમ 15-08)(નેપાળ, પોખરા, કાઠમંડુ, વારાણસી 06-09, 13-11) (અયોધ્યા, વારાણસી,બૌધગયા, બૈજનાથ, ઝારખંડ. 26-09) (દિવાળી વેકેશન બુકિંગ ચાલુ) સુરેશભાઈ પુરોહિત.9825105053

**મહાદેવ ટુર**
એન્ડ ટ્રાવેલ્સ. (ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર, ભીમાશંકર) સાપુતારા, વાંગણ ધોધ. 7802062340 (204)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ઋષિકેશ. તારીખ- 19/8, 4/9, 17/9/2026. દિવસ-15. (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

વેસુના પોશ એરિયામાં વીઆઈપી રોડ નજીક ડુપ્લેક્સ ફલેટ વેચવાનો છે 6BKH + 2 સર્વન્ટ રૂમ એલોટેડ પાર્કિંગ સાથે 98241 49995 98251 22616 (What'app)

**ઓમશિવ ટ્રાવેલ્સ**
8, 22 રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર. 23 રાત્રે, ભીમાશંકર, ધૃષ્ણેશ્વર, (ત્ર્યંબકેશ્વર, 19 ઓગષ્ટ. અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીગ, પંઢરપુર, કોલ્હાપુર. ખરવરશેરી, ભાગળ, સુરત.-9537838949, 9327199997

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે. 380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે 460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે 9712979399

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

લક્ઝરી 4 & 5 BHK એપાર્ટમેન્ટ જી.ડી. ગોયન્કા રોડ પર હવા અને કુદરતી પ્રકાશથી ભરપૂર શાનદાર ફ્લેટ્સ. એવી શ્રેષ્ઠ સુવિધાઓ (Amenities) જે નો તમે પહેલાં ક્યારેય અનુભવ ન કર્યો હોય. સૌથી આકર્ષક ભાવે ઉપલબ્ધ. તરત જ સંપર્ક કરો: 6352106126

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત ભાડેથી

**2 રૂમ, રસોડું**
અને વાડાવાળુ મકાન ભાડે આપવાનુ છે. ૫૭, દત્તાત્રેય સોસાયટી, મોરાભાગળ, રાંદેર ચાર રસ્તા. વર્કિંગ વિમેન / નાનું ફેમિલી આવકાર્ય. સંપર્ક 9898008991

10x30 દુકાનો ભાડેથી આપવાની છે 90x110 ફુટનો શેડ ભાડેથી આપવાનો છે દલાલોએ તસ્દી લેવી જય રાધે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (સચીન) 96241 07000

લગ્ન વિષયક

**પટેલ સિવિલ**
એન્જિનિયર 58 વર્ષ 5'4'' ડિવોર્સ્ડ 1 બાળક, વિધવા, ત્યક્તા આવકાર્ય 9099735794

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે**
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

ભાડેથી જગ્યા આપવાની છે રોડ નં.-2, સચીન GIDC,માં. 5000 સ્કે. ફીટ, ગ્રાઉન્ડ ફ્લોર, 5000 સ્કે. ફીટ, પહેલો માળ, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ડિજીટલ પ્રિન્ટીંગ માટે પણ ઉપયોગી. દલાલોએ તસ્દી લેવી 96241 07000

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**ફ્લેટ વેચવાનો છે.**
1 BHK અડાજણ, નાગરદાસ હોલ પાસે, (M) 9979859777. (201)

**જુનો સામાન વેચવાનો**
છે સોફા કમબેડ, ફ્રીઝ, વોશીંગ મશીન, એસી, ઈનવર્ટર (M) 9979859777 (202)

**3- BHK ફ્લેટ**
વેચવાનો છે, પાર્લેપોઈન્ટ, સોમનાથ એન્કલેવ, 95- LK, 9374718010, 9767318010

**અરજન્ટ**
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156

**પ્લોટ વેચવાનો છે**
ડબલ રોડ કોર્નર, પ્રાઈમ લોકેશન, 180- વાર, એલ.પી. સવાણી રોડ, 9376112121

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**અડાજણમાં**
ટોપ લોકેશનમાં દર મહિને બે લાખ આવકવાળી 700 સુપર બીલ્ડઅપ 1.75 CR દુકાન વેચવાની - 91576-22115

**ન્યુ કતારગામ**
વરિયાવ માં ૨૦x૩૫ ના પ્લોટ વેચવાના ટાયટલ કીલ્યર ૯૮૨૪૦૫૪૮૪૮

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.